# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૫-A તા.   -૦૧-૨૦૨૦

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવાનું કે તા.૧૪-૧-૨૦૨૦ થી તા.૩૦-૧-૨૦૨૦ સુધી કાંકરિયા પ્રાણીસંગ્રહાલય ખાતે એનીમલ વેલ્ફેર પખવાડીયાની ઉજવણી કરવામાં આવનાર છે.

તા.૧૪-૧-૨૦૨૦ થી તા.૩૦-૧-૨૦૨૦ સુધીના પખવાડીયા દરમ્યાન શાળાના બાળકોને વન્ય પ્રાણીઓનો પરિચય થાય તેમજ વન્ય પ્રાણીઓ વિષે વધુ માહિતગાર થાય તે હેતુથી આ પખવાડિયા દરમ્યાન ૧૨ વર્ષ સુધીના બાળકોને સોમવાર સિવાય પ્રાણીસંગ્રહાલય(ઝૂ)માં સવારમાં ૯-૦૦ થી બપોરના ૧૨-૦૦ વાગ્યા સુધી વિનામૂલ્યે પ્રવેશ આપવામાં આવશે.

કાંકરિયા પરિસરમાં શૈક્ષણિક પ્રવાસે આવતા શાળાના બાળકોને મુખ્ય શિક્ષકશ્રીના લેટરપેડ ઉપર લેખિત અરજી કાંકરિયા પરિસરના ગેટ ઉપર રજૂ કર્યેથી બાળક દીઠ રૂા.૧/- ચૂકવવાથી પ્રવેશ મળશે. પ્રવેશ ફી બાળકો પાસેથી ન લેતા લોકસહકાર મેળવવો. જયારે કાંકરિયા પ્રાણીસંગ્રહાલય સિવાય અન્ય વિભાગોમાં રાબેતા મુજબ ટીકીટ મેળવીને પ્રવેશ આપવામાં આવશે. આપની શાળાની અનુકુળતા પ્રમાણે સ્થાનિક પ્રવાસની મંજૂરી મેળવી ઉપરોકત સમયગાળા દરમ્યાન કાંકરિયા પ્રાણીસંગ્રહાલયની મુલાકાતનું આયોજન કરી શકશો.

તા.૧૩-૦૧-૨૦૨૦

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી